## ધ્વનિ પ્રદૂષણ નિયમો મુજબના ડેસીબલ પ્રમાણે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ કરી શકાશે

# આણંદમાં સાઉન્ડ મીટર વગરના ડીજે પર પ્રતિબંધ

**વરઘોડા સહિતના** પ્રસંગમાં ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ જિલ્લામાં લગ્ન પ્રસંગ સહિત ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં મોટે મોટેથી વાગતા ડીજે પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ડીજેનો ઉપયોગ કરવા માટે સાઉન્ડ મીટર ફરજીયાત કરવામાં આવ્યું છે. આ મીટર હશે તે જ ડીજેનો ઉપયોગ થઇ શકશે. આણંદ જિલ્લામાં માઈક સીસ્ટમ થકી થતાં અવાજના પદૂષણને અટકાવવા અંગે કેટલાક પ્રતિબંધો દર્શાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

આણંદ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે બહાર પાડેલા જાહેરનામા મુજબ, માઈક સીસ્ટમ ભાડે આપનારા માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર આણંદ જિલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

આ ઉપરાંત હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના 100 મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે, જેથી



શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો અને કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન - ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહીં. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાનર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ 2000 ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ. તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે. આ હુકમ 15મી એપ્રિલ 2024ના રાત્રીના 12 વાગ્યા સુધી અમલમાં રહેશે.

### ડીજે સંચાલકો માટે પરવાનગી ફરજીયાત કરાઇ

- માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિક કે ભાગીદારે પરવાનગી અરજી સંબંધિત મામલતદાર કચેરી ખાતે અરજી 7-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
- મામલતદારની મંજુરીમાં આપેલી શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.
- વરઘોડા કે રેલી સમય દરમ્યાનમાં શરતોનો ભંગ કરે અથવા કોઈ બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.
- આણંદના વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ કે વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલા અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી.
- અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનારા વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.
- પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલી પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.
- અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલી પરવાનગી સાથે માઈક સીસ્ટમ વાર્જિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેની જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.
- માઈક સીસ્ટમ કે વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના 6-00 કલાકથી રાત્રિના 10 કલાક સુધી જ થશે. માઈક સીસ્ટમ કે વાજીંત્રનો ઉપયોગ રાત્રીના 10 કલાકથી વહેલી સવારના 6 કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ કે વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.
- ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.
- મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ કે વાજીંત્રની અવાજ એ રીતે મર્યાદીત કરેલા હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.
- ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ કે વાજીંત્રનો ઉપયોગ મામલતદાર તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

# નડિયાદમાં બસ સાથે અથડાયેલી કાર ભાજપ નેતાના પુત્રની નીકળી

**કપડવંજ રોડ પરની** ઘટનામાં કારમાંથી દારૂની બોટલો પકડાઇ હતી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.2

નડિયાદમાં રવિવારે રાત્રે 10 વાગ્યાના અરસામાં સ્વીફ્ટ ગાડીએ એસ.ટી. બસ સાથે અકસ્માત સર્જ્યો અને સ્વીફ્ટ કારનો ચાલક ગાડી મૂકી સ્થળ પરથી ભાગી ગયો હતો. આ સમગ્ર મામલે હવે મોટો ઘટસ્ફોટ થયો છે. આ ગાડી મહુધા ભાજપના અગ્રણીની હોવાનું ખુલ્યુ છે. તેમજ હજુ સુધી પોલીસે આ અંગે કોઈ પણ પ્રકારની અટકાયત કે તપાસ પણ શરૂ ન કરી હોવાનું જાણવા મળી રહ્યુ છે.

નડિયાદના કપડવંજ રોડ પર એસ. ટી. બસના ચાલકે વારંવાર હોર્ન મારવા છતાં અને બ્રેક મારવા છતાં એક દારૂમાં ટલ્લી થયેલા સ્વીફ્ટ ગાડી નં. જી.જે.01, એચ.વાય. 3658ના ચાલકે એસ.ટી. સાથે અકસ્માત સર્જ્યો હતો. આ સમયે સ્થળ પરથી ગાડીમાંથી દારૂની ખાલી અને ભરેલી બોટલો મળી આવી અને સાથે જ ગાડીમાં ભાજપનો ખેસ પણ મળ્યો હતો. હવે આ સમગ્ર મામલે સૌથી ચોંકાવનારો ખુલાસો થયો છે. આ ગાડી ખેડા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જયંતિભાઈ સોઢાના પરીવારની છે. તેમનો પુત્ર મેહુલ સોઢા આ ગાડીનો ઉપયોગ કરે છે. તેમજ મેહુલ પણ ભારતીય જનતા પાર્ટીમાં મહુધા તાલુકામાં સક્રિય અગ્રણી નેતા છે. તેમજ આ ગાડી પોતાની હોવાનો એકરાર પણ મેહુલ સોઢાએ કર્યો છે.

આ અંગે સ્થાનિકોએ પોલીસની હાજરીમાં જ દારૂ હોવાનો એકરાર કર્યો હતો અને ચાલક પણ નશામાં ધૂત હોવાનું જણાવ્યુ હતુ. તેમ છતાં પોલીસે માત્ર અકસ્માતનો ગુનો દાખલ કરાવી અને ભારતીય જનતા પાર્ટીના ખેસવાળી આ ગાડીના માલિક અને આખી ઘટનાની સત્ય તપાસ પર પડદો પાડવા પ્રયાસ કર્યો હોવાની ચર્ચા ઉઠી છે. જયંતિભાઈ સોઢા પણ ભારતીય જનતા પાર્ટીના મહુધાના કદ્દાવાર નેતા છે અને તેઓ મૂળ કપરૂપુરના છે. આ બનાવમાં પોલીસે પાંગળી કલમો દાખલ કરી હોવાનો સૂર ઉઠ્યો છે.

### ગાડી મારી હતી: મેહુલ સોઢા , ભાજપ અગ્રણી



આ સમગ્ર મામલે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જયંતિભાઈ સોઢાના પુત્ર અને મહુધા ભાજપના અગ્રણી મેહુલ સોઢા સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યુ હતુ કે, ગાડી મારી હતી અને તેમાં જે બોટલો હતી, તે ખાલી હતી.


## કઠલાલના યુવકે આપઘાત કર્યો

(પ્રતિનિધિ) કઠલાલ તા.2

કઠલાલના ભાટેરા ગામના યુવકે અગમ્યકારણોસર ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાના પગલે તેના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

કઠલાલ તાલુકાના ભાટેરા ગામે રહેતા અક્ષય ઉર્ફે અકો સંજય પરમાર (ઉ.વ.22) નામના યુવાને ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે. ગતરોજ સાંજેથી પોતાના ઘરેથી લાપતા બન્યો હતો. જે બાદ મંગળવારે સવારે અક્ષય ઉર્ફે અકાનો મૃતદેહ વાવનામુવાડા કેનાલ પાસે લીમડાના ઝાડ સાથે દુપટ્ટા વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આ બનાવની જાણ મૃતકના પરિવારજનોને થતાં તેઓ સ્થળ પર દોડી ગયા હતા. આ બનાવ અંગે પોલીસે અપમૃત્યુની નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### પેટલાદમાં પેરામિલેટ્રી ફોર્સનું ફૂટ પેટ્રોલીંગ યોજાયું





પેટલાદમાં આવનારા દિવસોમાં ઈદ, રામનવમી, હનુમાન જયંતીના તહેવારો આવી રહ્યાં છે. આ ઉપરાંત આણંદ બેઠક ઉપર લોકસભા ચૂંટણીની પ્રક્રિયા શરૂ થનાર છે. તેવા સમયે જીલ્લા સહિત પેટલાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ અને વહીવટી તંત્ર ખડેપગે તૈયારીમાં લાગી ગયું છે. જેના ભાગરૂપે પેટલાદમાં મંગળવારના રોજ સાંજે ૬ કલાકે પેરા મિલિટ્રી ફોર્સના જવાનોએ મુખ્ય રાજમાર્ગો ઉપર ફુટ પેટ્રોલીંગ કર્યું હતું. જેમાં ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર કે ડી બ્રહ્મભટ્ટ, ડીવાયેસપી પી કે દિયોરા સહિત ટાઉન પોલીસ કાફલો જોડાયા હતા.

# પેટલાદમાં માતાજીના મંદિરે મૂર્તિ સ્થાપન કાર્યક્રમ યોજાયો

**રૂપિયાપુરામાં** માઇ ભક્તો દ્વારા મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.2

પેટલાદના રૂપિયાપુરા ખાતે આધ્યશક્તિ શ્રી મહાકાળી માતાજીના મંદિરનો માઈ ભક્તો દ્વારા આપવામા આવેલ યથાયોગ્ય દાન થકી જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો. આ જીર્ણોધ્ધાર થયેલ મંદિરમા શ્રી મહાકાળી માતાજીના પ્રાગટ્ય દિનના શુભ અવશરે ભવ્ય શોભાયાત્રા સાથે શ્રી શિખર કળશ સ્થાપન તથા પ્રતિમા સ્થાપનનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે ગામના તમામ સમાજના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મહાકાળી



માતાજીની પુંજા - આરાધના કરી. પ્રતિમા સ્થાપન બાદ આખા ગામનાં લોકો માટે મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મહાકાળી માતાજીના જન્મદિવસની ખૂબ ઉત્સાહ પુર્વક, ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરનાર રમેશ ઠાકોર (રૂપિયાવાલા) એ જણાવ્યુ મંદિરને પાયામાંથી ઉભું કરવામાં, પ્રતિષ્ઠા કરવા સુધી તમામ કાર્યોમાં ગામના લોકોએ યથાયોગ્ય સહયોગ આપ્યો છે. માટે આ મંદિર 'આસ્થા અને એકતાનું પ્રતિક' બની ગયું છે. આ સમગ્ર કાર્યક્રમને સફળ માતાજી પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થાનુ પરિણામ છે. મહાપ્રસાદ બનાવવામાં ઘણો મોટો ફાળો આપનાર પરમ મિત્રો, દાતાઓ, સ્વયંસેવકો તથા આયોજના સાથ આપનાર ટીમનો ખૂબ મોટો ફાળો રહ્યો છે.

# નડિયાદમાં પોલીસ જવાનનું હૃદયરોગના હુમલાથી મોત

**જવાન** ઘરે હાજર હતો તે દરમિયાન હુમલો આવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદ ટાઉન પોલીસ મથકના ડિ સ્ટાફના પોલીસ કર્મચારીનું હૃદયરોગના હુમલાથી અવસાન થતાં બેડામાં શોકની લાગણી જન્મી હતી. ખેડા જિલ્લામાં 41 વર્ષિય પોલીસ કર્મીનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યુ હતું. આ પોલીસ કર્મી પોતાના ઘરે હતા. અસહ્ય છાતીમાં દુખાવો થતાં શહેરની ખાનગી હોસ્પિટલમાં લાવ્યા હતા. જ્યાં દમ તોડ્યો હતો.

નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનના ડિસ્ટાફમા હેડ કોસ્ટેબલ તરીકે ફરજ બજાવતા 41 વર્ષિય ચેતનકુમાર મુળજીભાઈ કટારીયા મંગળવારે પોતાના ઘરે મંજીપુરા રોડ પર આવેલ બાલાજી પાર્ક સોસાયટીમાં હાજર હતા. ત્યારે એકાએક છાતીમાં અસહ્ય દુખાવો થવા લાગ્યો હતો. જેથી તેમના પરિવારજનોએ તુરંત ચેતનકુમારને નડિયાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. તબીબે જણાવ્યું કે, હદયરોગનો હુમલો છે જેથી સારવાર તુરંત શરૂ કરી દેવામાં આવી હતી. જોકે પોલીસ કર્મી ચેતનકુમાર કટારીયા હદયરોગના હુમલા સામેની જંગ છેલ્લે હારી ચૂક્યા અને તમેણે શ્વાસ છોડ્યો હતો. પોલીસસૂત્રો તરફથી મળતી માહિતી મુજબ આ પોલીસ કર્મી પોતે મુળ મહુધાના અલીણા ગામના છે અને વર્ષ 2009થી પોલીસ ખાતામાં ભરતી થયા હતા.

# પરિણીતાને દીકરીનો જન્મ થતાં સાસરિયાએ ત્રાસ આપ્યો

**પતિને વિદેશ મોકલવા** બાપના ઘરેથી રૂ.દસ લાખ લાવવા દબાણ કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ શહેરના ઈસ્માઈલનગરમાં રહેતી પરિણીતાને લગ્નજીવન દરમિયાન દિકરીનો જન્મ થતાં સાસરિયાએ તેને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. તેમાંય પતિને વિદેશ મોકલવા માટે પિયરમાંથી રૂ.દસ લાખ દહેજ લાવવા દબાણ કરી પહેરેલ કપડે જ કાઢી મુકી હતી.

આણંદના ઈસ્માઈલનગરમાં રહેતા સુજાનબહેનના લગ્ન મુસ્તકીમ રફીકભાઈ વ્હોરા (રહે. હાજી ચોક, ઈસ્માઇલનગર) સાથે 24મી જાન્યુઆરી,2021ના રોજ થયાં હતાં. આ લગ્નજીવનમાં તેમને બે વર્ષ પહેલા એક દિકરી હુશનાનો જન્મ થયો હતો. જોકે, દિકરીના જન્મ બાદ સાસરિયાઓનું વર્તન બદલાઇ ગયું હતું. સુજાનબહેન સાસરીમાં રહેવા ગયા બાદ સાસુ - સસરા અને પતિએ ઝઘડો કરી મારઝુડ કરી હતી. આ અંગે સમાજના વડીલો દ્વારા સમજાવવા છતાં કોઈ ફર્ક પડ્યો નહતો. નાની નાની વાતોમાં વાક ગુના કાઢી હેરાન પરેશાન કરતાં હતાં અને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુક્યાં હતાં. આ અંગે ઘર બેઠા સમાધાન કર્યું હતું.

દરમિયાનમાં 6ઠ્ઠી નવેમ્બર,2023ના રોજ સુજાનબહેન પાસે પતિ, સાસુ - સસરા આવ્યાં હતાં અને મુસ્તકીમને વિદેશ મોકલવાનો છે. તો તારા બાપના ઘરેથી રૂ.દસ લાખ લઈ આવ. તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત ધમકી આપી હતી કે, જો તું નહીં લાવે તો તને મારા ઘરમાં રાખવાની નથી. તેમ કહી મારઝુડ કરી પહેરેલ કપડે કાઢી મુક્યાં હતાં. આ બના બાદ સુજાનબહેન પિયર આવતા રહ્યાં હતાં. આ અંગે સમાધાન કરવા છતાં પતિ મુસ્તકીમને સમાધાન કરવાની ના પાડી હતી. આ અંગે મહિલા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે મુસ્તકીમ રફીક વ્હોરા, જાકેરાબહેન ઈબ્રાહીમ વ્હોરા અને રફીક ઈબ્રાહીમ વ્હોરા (રહે. હાજી ચોક, ઈસ્માઇલનગર, આણંદ) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ક્ષત્રિય સમાજના આગેવાનોની બેઠક મળી

**નડિયાદ** | ખેડા જિલ્લાના ક્ષત્રિય અગેવાનોએ નડિયાદના આડીનાર ખાતે વિશાળ સંખ્યામાં ભેગા થયા અને ક્ષત્રિય સમાજની નિંદા કરનાર ભાજપના ઉમેદવારની ટીકીટ રદ કરવા માંગ કરી છે. 'બીજેપી સે વેર નહીં રૂપાલા તેરી ખેર નહીં' ના નારા લાગ્યા હતા. ક્ષત્રિય સમાજની અસ્મિતા ઉપર ઠેસ પહોચાડનાર પરસોત્તમ રૂપાલા વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવા માટે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

# આણંદ પંથકમાં મોબાઈલ ટાવરની 9 બેટરી ચોરાઈ

**આણંદ શહેર અને** રાહતળાવ ગામમાંથી 9 બેટરી ચોરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ પંથકમાં વરસો બાદ ફરી મોબાઈલ ટાવરની બેટરી ચોરતી ગેંગ સક્રિય બની છે. આ ગેંગે રાહ તળાવ અને આણંદ શહેર ખાતે રૂ.સાડા ત્રણ લાખ ઉપરાંતની કિંમતની બેટરી ચોરી કરી છે. આ અંગે પોલીસે ગુના નોંધ્યાં છે.

આણંદના રાહ તળાવ ગ્રામ પંચાયતના ખુલ્લા પ્લોટમાં પાણીની ટાંકી પાસે ખુલ્લી જગ્યામાં આવેલા મોબાઈલ કંપનીના ટાવરમાંથી બેકઅપ માટેની બેટરી 5 કિંમત રૂ. બે લાખની ચોરી થઈ હતી. આ અંગે મહંમદકલીમ શેખની ફરિયાદ આધારે ભાલેજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

આ ઉપરાંત આણંદ શહેરના ટાઉન હોલ ખાતે પ્રાથમિક શાળા પાસે રોડની બાજુમાં આવેલા ટાવર રૂમમાં મુકેલી બેટરી -4 કુલ રૂ.1.60 લાખની ચોરી થઈ હતી. આ અંગે આણંદ સહેર પોલીસે મહંમદકલીમ શેખની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લામાં મોબાઈલ ટાવરની બેટરી ચોરી કરતી ગેંગ સક્રિય થતાં ચકચાર મચી ગઈ છે. આ ગેંગે દસકા પહેલા આણંદ જિલ્લામાં હાહાકાર મચાવ્યો હતો. જોકે, ધરપકડ થયા બાદ મામલો ઠંડો પડ્યો હતો. પરંતુ ફરી ગેંગ સક્રિય થતાં પોલીસમાં પણ દોડધામ મચી છે.

# પીપળાતાની સગર્ભાની 108 વાનમાં સલામત પ્રસુતિ થતાં કર્મચારીઓની સેવા બિરદાવાઈ

અડધે રસ્તે જ પ્રસવ પીડા વધતા પ્રસુતિ કરાવવામાં આવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડીઆદ તાલુકાના ઉત્તરસંડા ખાતેની 108 એમ્બ્યુલન્સને પીપળાતા ગામમાંથી ઈમરજન્સી કોલ આવ્યો હતો . જેમાં પીપળાતા ગામની મહિલાને પ્રસુતિ ની પીડા ઉપડી હતી તેવું જણાવવામાં આવ્યું હતું.જે કોલ મળતા ની સાથે જ 108ના ઈ.એમ.ટી રવિન્દ્રભાઈ અને પાઈલોટ હર્ષદભાઈ ગણતરીની મિનિટોમાં જ જણાવેલ સરનામે પહોંચી ગયા હતા. સ્થળ ઉપર પહોંચતા જોયું કે મહિલાની ઉંમર 23 વર્ષ છે. અને તેણીને પ્રસુતિ પીડા ઉપડી છે. તુરંતજ



મહિલાને 108 એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરવામાં આવ્યા ત્યાં સુધી મહિલાને સામાન્ય દુખાવો ચાલુ હતો. પરંતુ અડધે રસ્તે પહોંચી જતા એવું લાગ્યું કે મહિલા હોસ્પિટલ સુધી પહોંચે તે પહેલા જ પ્રસૂતિ થઈ જશે. જેથી મહિલાને એમ્બ્યુલન્સમાં પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી. તરત જ રવિન્દ્રભાઈએ એમ્બ્યુલન્સ ને સાઈડમાં ઉભી રાખવા પાયલોટ હર્ષદભાઈને જણાવેલ ત્યારબાદ ઈઆરસીપીની મદદ લઈને એમ્બ્યુલન્સમા સફળ ડીલેવરી કરાવી હતી . જે પ્રસૂતિ દરમિયાન મહિલાને પુત્ર રત્નનો જન્મ થયો હતો. ત્યારબાદ બાળકને બેબી કેર આપતા અને મહિલાના વાઈટલ મોનિટર કરતા અને બાળક બંનેને નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે એડમીટ કરવામાં આવ્યા હતા. માતા અને બાળક બંને હાલ તંદુરસ્ત જ છે. આ પ્રકારે 108 સેવા વધુ એક વખત માતા અને બાળક માટે વરદાન રૂપ સાબિત થઈ હતી. 108 ટીમ સમયસુચકતા અને યોગ્ય સારવારને કારણે સગર્ભાનુ સલામત પ્રસૂતિ થઈ હતી. આથી, પ્રસૂતાના પરિવારજનો અને આરોગ્ય તંત્રએ અભિનંદન પાઠવ્યા હતા.